# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-05-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

********************************************************************************

1) આતંકવાદ સામે ભારતનો દૃષ્ટિકોણ રજૂ કરવા સરકાર વિવિધ દેશોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલશે
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે આતંકવાદી હુમલાઓનો યોગ્ય જવાબ આપ્યો છે
3) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ભારત હવે એવા દેશોને સશક્ત બનાવી શકે નહીં જે ભારતનાં હિતોના વિરોધી છે
4) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ભારતીય સમુદાયને ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યના નિર્માણમાં ભાગીદારી કરવા આમંત્રણ આપ્યું
5) ઇસરોનું PSLV-C61 રોકેટ આવતીકાલે શ્રીહરિકોટાના અવકાશ કેન્દ્રથી પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ સાથે ઉડાન ભરશે
6) ઇન્ડિયન પ્રીમિયર લીગ ટી-20 ક્રિકેટનો આજથી ફરી પ્રારંભ – વરસાદનાં કારણે ટોસમાં વિલંબ

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GOV. DELIGATION

ઓપરેશન સિંદૂરના સંદર્ભમાં પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે ભારતનો દૃષ્ટિકોણ રજૂ કરવા માટે સરકાર વિવિધ દેશોમાં સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલી રહી છે. આ પ્રતિનિધિમંડળો આ મહિને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્યો અને અન્ય મુખ્ય દેશોની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળોમાં વિવિધ રાજકીય પક્ષોના સંસદસભ્યો, અગ્રણી રાજકારણીઓ અને પ્રખ્યાત રાજદ્વારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ

**(વોઇસ કાસ્ટ – અમન)**

દરમિયાન, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે પત્રકારોને જણાવ્યું હતું કે આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

**(બાઈટ - સાંસદ રવિશંકર પ્રસાદ)**

કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રતિનિધિમંડળમાં પોતાનું નામ ન લેવા અંગે, કોંગ્રેસના સાંસદ શશી થરૂરે કહ્યું કે પાર્ટીને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો સંપૂર્ણ અધિકાર છે. સરકારનો પોતાનો અભિપ્રાય છે જે પ્રતિનિધિમંડળ માટે વાજબી છે. શ્રી થરૂરે કહ્યું કે તેમને સંસદીય સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે અને તેમની વ્યક્તિગત ક્ષમતામાં પ્રતિનિધિમંડળમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાની સેનાને પાઠ ભણાવ્યો છે અને તેણે ભારત પર આતંકવાદી હુમલાની ભારે કિંમત ચૂકવી છે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના સાંસદ સુપ્રિયા સુલેએ જવાબદારી સ્વીકારી અને પ્રધાનમંત્રી, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ અને વિદેશ મંત્રાલયનો આભાર માન્યો.

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ કહ્યું કે ભારત આતંકવાદ સામે લડી રહ્યું છે અને આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ ધરાવે છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક દેશો આતંકવાદને ટેકો આપતા દેશો સાથે ઉભા છે.

. . . . . . . . . . . . . . . .

# AMITSHAH GUJ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે આતંકવાદી હુમલાઓનો યોગ્ય જવાબ આપ્યો છે, જેનાથી દુનિયા આશ્ચર્યચકિત થઈ ગઈ છે અને પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ 700 કરોડ રૂપિયા થી વધુના વિકાસ કામો શરૂ કર્યા પછી ગાંધીનગરમાં એક જાહેર સભામાં બોલતા, શ્રી શાહે આતંકવાદી કૃત્યોના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલા નિર્ણાયક પગલાંની પ્રશંસા કરી.

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા શાહે કહ્યું કે, પહલગામ આતંકવાદી હુમલાનો બદલો પાકિસ્તાનમાં સ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા સંગઠનોના આતંકવાદી કેમ્પોનો નાશ કરીને લેવામાં આવ્યો હતો.

(બાઇટ- અમિત શાહ )

ગૃહમંત્રીએ ભારતીય સશસ્ત્ર દળોની અનુકરણીય સિદ્ધિઓની પ્રશંસા કરી અને આતંકવાદ પ્રત્યે સરકારના શૂન્ય-સહિષ્ણુતાના વલણનો પુનરોચ્ચાર કર્યો. “જો ભારતીય નાગરિકો સામે કોઈ આતંકવાદી પ્રવૃત્તિ કરવામાં આવશે, તો અમારો જવાબ બમણો મજબૂત હશે,”

. . . . . . . . . . . . . . .

# VICE PRESIDENT CONVOCATION

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે, ભારત હવે એવા દેશોને સશક્ત બનાવી શકે નહીં જે ભારતનાં હિતોના વિરોધી છે અને સંકટના સમયમાં તેની સામે ઉભા રહી શકે. શ્રી ધનખડ આજે નવી દિલ્હીમાં જયપુરિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના વાર્ષિક દીક્ષાંત સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

ઉપરાષ્ટ્રપતિએ ઓપરેશન સિંદૂરની નોંધપાત્ર સફળતા માટે સશસ્ત્ર દળો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આ ઓપરેશન એક મહત્વપૂર્ણ જવાબી કાર્યવાહી હતી, જે પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલાના પ્રતિભાવમાં ભારતની શાંતિ અને સંવાદિતાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે વધુમાં કહ્યું કે, યુદ્ધની પદ્ધતિ અને આતંકવાદ સામેની લડાઈમાં નવા ધોરણો સ્થાપિત થયા છે. 2001 માં અમેરિકા પર 9/11 ના હુમલાની યોજના બનાવનાર અને તેને અંજામ આપનાર વૈશ્વિક આતંકવાદી સામે શરૂ કરાયેલા ઓપરેશનને યાદ કર્યું. અમેરિકાએ આ ખતરાનો સામનો એ જ રીતે કર્યો છે જે રીતે ભારત હવે આતંકવાદનો સામનો કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . .

# C.R PATIL SURAT

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે ખેતરમાં બોર કરીને પાણી જમીનમાં ઉતારવા ખેડૂતોને અનુરોધ કર્યો. સુરતમાં યોજાયેલા રેઇન વોટર હાર્વેસ્ટિંગ કાર્યક્રમમાં શ્રી પાટીલે આ મુજબ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં જળ સચંય અભિયાન દ્વારા બનાસકાંઠા જિલ્લામાં પાણીની અછત દુર થાય તે માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

(બાઇટ: સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી)

શ્રી પાટીલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2021માં “કેચ ધ રેઇન” વોટર હાર્વેસ્ટિંગનો સંકલ્પ આપણને સૌને આપ્યો હતો. ત્યારે કર્મ ભૂમિથી માતૃભુમિ માટે દરેક વ્યક્તિએ યોગદાન આપવું જોઇએ.

. . . . . . . . . . . . . . . .

# GADAKARI BRAZIL

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય સમુદાયને ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્યના નિર્માણમાં શોધખોળ, રોકાણ અને ભાગીદારી કરવા આમંત્રણ આપ્યું છે. શ્રી ગડકરી બ્રાઝિલના સાઓ પાઉલોમાં ભારતીય સમુદાયને સંબોધિત કરી રહ્યા હતા.

તેમણે વૈશ્વિક મંચ પર ભારતનાં વધતા કદનો ઉલ્લેખ કર્યો, જે મજબૂત આર્થિક વિકાસ, માળખાગત સુવિધાઓના નિર્માણની ઝડપી ગતિ અને વિસ્તરણ થઈ રહેલી આંતરરાષ્ટ્રીય ભાગીદારીને પ્રદર્શિત કરે છે.

શ્રી ગડકરીએ ભારતમાં વિશાળ રોકાણ અને નવીનતાની તકો પર ભાર મૂક્યો. તેમણે ભારતીય સમુદાયના ઊંડા સાંસ્કૃતિક મૂલ્યો અને નવાચાર, કૃષિ-વ્યવસાય, ઉર્જા અને ડિજિટલ સહયોગ દ્વારા ભારત-બ્રાઝિલ સંબંધોને આગળ વધારવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# AP - ISRO

ભારત તેના અવકાશ કાર્યક્રમના ૧૦૧મા મિશન સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કરવા માટે તૈયાર છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન - ISRO નું PSLV-C61 રોકેટ આવતીકાલે સવારે ૫ વાગીને ૫૯ મિનિટે શ્રીહરિકોટાના સતીશ ધવન અવકાશ કેન્દ્રથી પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ, EOS-09 ઉપગ્રહ સાથે ઉડાન ભરશે.

આ મિશન હેઠળ, EOS-09 ને સૂર્ય-સમન્વયિત ધ્રુવીય ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. EOS-09 વિવિધ ક્ષેત્રોમાં ઓપરેશનલ એપ્લિકેશનો માટે સતત અને વિશ્વસનીય રિમોટ સેન્સિંગ ડેટા પ્રદાન કરવા માટે બનાવવામાં આવ્યો છે. EOS-09 ઉપગ્રહમાં કૃત્રિમ છિદ્ર રડાર પેલોડ છે જે બધી હવામાન પરિસ્થિતિઓમાં વિવિધ પૃથ્વી નિરીક્ષણ એપ્લિકેશનો માટે છબીઓ મોકલશે. આ પ્રક્ષેપણ માટે કાઉન્ટડાઉન આજે સવારે શરૂ થયું.

. . . . . . . . . . . . . . .

# PM AMRUT BHARAT STATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 22 મેના રોજ રાજસ્થાનના બિકાનેરના દેશનોકથી 103 અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આ સ્ટેશનોને આધુનિક સુવિધાઓ સાથે પુનઃવિકાસ કરવામાં આવ્યા છે. આકાશવાણી સાથેની વાતચીતમાં, રેલ્વે બોર્ડના માહિતી અને પ્રચાર વિભાગના કાર્યકારી નિયામક દિલીપ કુમારે જણાવ્યું હતું કે, આ સ્ટેશનોને શહેરના કેન્દ્રોની જેમ પુનઃવિકાસ કરવામાં આવ્યા છે, જે પ્રાદેશિક સંસ્કૃતિ અને વારસાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટનો એક સપ્તાહ બાદ આજથી ફરી પ્રારંભ થયો છે. આજે બેંગ્લુરુમાં યજમાન રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાશે. પરંતુ વરસાદના કારણે ટોસ થવામાં વિલંબ થઈ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# HARYANA SPY ARREST

હરિયાણા પોલીસે હિસારથી યુટ્યુબર જ્યોતિ રાનીની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી છે. હિસારના નાયબ પોલીસ અધિક્ષક કમલજીતે જણાવ્યું હતું કે જ્યોતિના પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ સાથે સંપર્કો છે અને તે સોશિયલ મીડિયા દ્વારા ગુપ્ત માહિતી મોકલતી હતી. જ્યોતિએ ચાર વખત પાકિસ્તાનની મુલાકાત લીધી છે.

હરિયાણા પોલીસે કૈથલના મસ્તગઢ ગામથી દેવેન્દ્ર સિંહની પણ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી માટે જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ કરી છે. કૈથલના પોલીસ અધિક્ષક આસ્થા મોદીએ જણાવ્યું હતું કે દેવેન્દ્ર સિંહે ઓપરેશન સિંદૂર સહિત ભારતીય સેનાની ગુપ્ત માહિતી પાકિસ્તાન મોકલી છે. પૂછપરછ દરમિયાન, તેણે ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

. . . . . . . . . . . . . . .